### સાધકોને અનોખો આધ્યાત્મિક અનુભવ પ્રાપ્ત થયો

# યોગનિકેતનમાં ૩૧ ડિસેમ્બરની રાત્રિએ અવિસ્મરણીય ચંદ્ર સાધનાનો અનોખો કાર્યક્રમ

**આ ક્રિયાએ મનમાં શાંતિ અને શરીરમાં ઊર્જાનો સંચાર કર્યો હતો**



(પ્રતિનિધિ) વડોદરા, તા.3
યોગ અને પ્રાકૃતિક ચેતનાના સમન્વય સાથે યોગનિકેતનમાં તારીખ ૩૧ ડિસેમ્બરની રાત્રિએ એક અતિ વિશેષ અને અવિસ્મરણીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ચંદ્ર સાથે જોડાયેલી યોગિક અને ધ્યાનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા ઉપસ્થિત સાધકોને અનોખો આધ્યાત્મિક અનુભવ પ્રાપ્ત થયો હતો. કાર્યક્રમની શરૂઆત વૈજ્ઞાનિક અને જિજ્ઞાસાપૂર્ણ અભિગમ સાથે ટેલિસ્કોપ દ્વારા ચંદ્રદર્શનથી કરવામાં આવી હતી. સ્પષ્ટ આકાશમાં ચંદ્રના વિવિધ ખાડા અને આકારોને નજીકથી જોવાની તક મળતા ઉપસ્થિતોમાં ઉત્સાહ અને આશ્ચર્ય જોવા મળ્યું હતું. ત્યારબાદ શારીરિક અને માનસિક સંતુલન માટે ચંદ્ર નમસ્કારનું આયોજન કરાયું હતું. કુલ ૧૫ આસનોના સમૂહ સાથે ૧૫ આવર્તન કરવામાં આવ્યા, જેમાં સાધકોને શ્વાસ, ગતિ અને ચેતનાનો સમન્વય અનુભવો મળ્યો હતો. આ ક્રિયાએ મનમાં શાંતિ અને શરીરમાં ઊર્જાનો સંચાર કર્યો હતો.આ પછી ચંદ્ર ત્રાટક દ્વારા દૃષ્ટિની એકાગ્રતા અને આંતરિક શાંતિ પર ભાર મૂકવામાં આવ્યો હતો. નિઃશબ્દ વાતાવરણમાં ચંદ્ર પર સ્થિર નજર રાખી સાધકોને ધ્યાનની ઊંડાણમાં લઈ જવાયા હતા. અંતે ચંદ્ર ધારણા દ્વારા મનને સ્થિર કરી ભાવનાત્મક સંતુલન અને શીતળતાનો અનુભવ કરાવવામાં આવ્યો હતો.

# ફાર્બસ ગુજરાતી સભાના વ્યાપન પ્રકલ્પ અંતર્ગત અનુબંધ-શિબિરનું આયોજન

(પ્રતિનિધિ) વડોદરા, તા.3
ફાર્બસ ગુજરાતી સભાના વ્યાપન પ્રકલ્પ અને લોકભારતી વિશ્વવિદ્યાલય સણોસરાના સહકારમાં એક અનોખી, અનુબંધ-શિબિરનું આયોજન. કલા અને વાસ્તવ, સાહિત્ય અને સમાજ, રસાનુભવ અને જીવનની સમજણ એકબીજાં સાથે અનેક રીતે જોડાતાં રહે છે.

એ સર્વ અનુબંધો અને આંતર કૃતિત્વોને જોવા, સમજવા, તપાસવાની સજ્જતા આ શિબિરમાં જોડનાર સહુ જાતે કેળવે, એનો અવસર એટલે આ વ્યાપન-પ્રસંગ.

ત્રણ દિવસના આ સજ્જતા શિબિરમાં ગુજરાતના કેટલાક ઉત્તમ કેળવણીકારો, સાહિત્ય સર્જકો અને માધ્યમવિદો આપણી સાથે રહેશે. આરંભે, ''સાહિત્યના સાખ પડોશીઓ: સમાજ, ઈતિહાસ અને વિજ્ઞાન'' એ અનુબંધ વિશેની વાતની માંડણી લોકભારતીના કુલાધિપતિ, ભારતના અગ્રણી વિજ્ઞાનવિદ અરુણ દવે કરશે. વિશ્વકવિતામાં વ્યાપન કઈ રીતે થતું જોવામાં આવે છે એ તપાસવા, "કવિતાનું પોતાનું ઘર:ઓરડો,ઓસરી અને આંગણું'' એ વિશેનું સંવાદ-વક્તવ્ય પ્રસ્તુત કરશે કવિ, નાટ્યકાર શ્રી સિતાંશુ યશશ્ચન્દ્ર. સાથે જ, અગ્રણી વાર્તાકાર નિબંધકાર પ્રોફેસર મહેન્દ્રસિંહ પરમાર, વિખ્યાત લોકવિદ્યાવિદ પ્રોફેસર ભીમજી ખાચરીયા, આકાશવાણીના વિવિધ કેન્દ્રોના પૂર્વ નિયામક અને ઉત્કૃષ્ટ કવિ વસંત જોશી સાહિત્ય અને જીવનના વિવિધ અનુબંધો વિશે પોતાનાં વક્તવ્યો પ્રસ્તુત કરી, શિબિરાર્થીઓ સાથે સંવાદ રચશે.

લોકભારતી વિશ્વવિદ્યાલયના આદરણીય કુલપતિ અને કેળવણીવિચારના અગ્રણી ચિંતક શ્રી રાજેન્દ્ર ખીમાણી અને આદરણીય ઉપકુલપતિ, આધુનિક વિશ્વસાહિત્યના વિવેચક વિશાલ ભાદાણી બે બેઠકોની અધ્યક્ષસ્થાનેથી આ સમગ્ર વિચાર વિમર્શમાં જોડાશે.

### દબાણકર્તાઓના માલ-સામાન જપ્ત કરવામાં આવ્યા

# વડોદરા મહાનગર પાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં દબાણ હટાવ ઝુંબેશ

(પ્રતિનિધિ) વડોદરા, તા.8
વડોદરા મહાનગરપાલિકા (VMC) ની દબાણ અને સિક્યુરીટી શાખા દ્વારા આજે, તા. 03-01-2026 ના રોજ શહેરના વિવિધ વિસ્તારોમાં અડીંગો જમાવી બેઠેલા દબાણકર્તાઓ સામે સઘન ઝુંબેશ ચલાવીને દબાણો દૂર કરવામાં આવ્યા હતા.

દબાણ અને સિક્યુરીટી શાખા દ્વારા જ્યાં દબાણ હટાવવાની કામગીરી કરવામાં આવી અને માલ-સામાન જમા લેવામાં આવ્યો તે વિસ્તારો કાલાઘોડાથી કમાટીબાગ ગેટ નં. ૦૨ થી નરહરી હોસ્પિટલ સુધીના દબાણકર્તાઓના માલ-સામાન જમા લેવામાં આવ્યા હતા. કારેલીબાગ દીપિકા ગાર્ડન, હરણી એરપોર્ટ ગેટ નં. ૦૨, અમિતનગર બ્રિજ પાસે પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું.



વડોદરા મહાનગરપાલિકા દ્વારા કેટલાક જાહેર સ્થળો પર વસવાટ કરતા શ્રમિકોને પણ સ્થળ પરથી દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી. ફતેગંજ બ્રિજ, અરવિંદ બાગ, BSNL ગ્રાઉન્ડ પાસેથી શ્રમિકોને સ્થળ પરથી દૂર કરવામાં આવ્યા હતા. વોર્ડ નં. ૧૧ની ટીમને સાથે રાખીને ગોત્રી હરીનગર બ્રિજ નીચે, દશામાતા તળાવની બાજુમાં ગુજરાત હાઉસિંગ બોર્ડના કમ્પાઉન્ડની બહાર રહેતા શ્રમિકોને સ્થળ પરથી હટી જવા માટે મૌખિક સૂચન આપવામાં આવ્યું હતું.

શહેરમાં વ્યવસ્થા જાળવવા માટે દબાણ શાખા દ્વારા વિવિધ સર્કલ અને મુખ્ય માર્ગો પર પેટ્રોલિંગ પણ કરવામાં આવ્યું હતું. ચકલી સર્કલ, GST ભવન, આયકર ભવન, આંબેડકર સર્કલ, વીર સાવરકર સર્કલ સુધી પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. વડોદરા મહાનગરપાલિકાની દબાણ સિક્યુરીટી શાખા દ્વારા શહેરને દબાણ મુક્ત કરવા માટે આ ઝુંબેશ નિયમિતપણે ચાલુ રહેશે, તેમ એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### WTT યુવા સ્પર્ધક 2026

# વિવાન દવે અને નૈશા રેવાસ્કરે રોમાંચક જીત મેળવીને U-15 મિક્સ ડબલ્સની ફાઈનલમાં પ્રવેશ કર્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.3
વિવાન દવે અને નૈશા રેવાસ્કરે શનિવારે અહીં SAMA ઈન્ડોર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે WTT યુવા સ્પર્ધકમાં ટોચના ક્રમાંકિત આદિત્ય દાસ અને અંકોલિકા ચક્રવર્તીને હરાવીને U-15 મિક્સ ડબલ્સની ફાઈનલમાં પ્રવેશ કર્યો. વિવાન અને નૈશાએ ટોચના ક્રમાંકિત જોડીને 13-11, 5-11, 11-7, 5-11, 23-21થી હરાવી અને તેમના સાથી રેયાંશ જાલાન અને તનિષ્કા કાલભૈરવ સામે શીર્ષ મુકાબલાની જગ્યા બનાવી, જેમણે અન્ય સેમિફાઈનલમાં સંજય જગદીશ અને માયરા સાંગેલકરને 11-3, 15-13, 11-7થી હરાવ્યા.



આ બીજા વર્ષે વડોદરામાં WTT યુવા સ્પર્ધકનું આયોજન થઈ રહ્યું છે અને તેમાં અંડર-૧૧ થી અંડર-૧૯ શ્રેણીઓની સ્પર્ધાઓ યોજાશે, જેમાં કુલ ૨૨૬ ખેલાડીઓ ભાગ લેશે. દરમિયાન, ટોચના ક્રમાંકિત અભિનંદન પ્રધિવધિ અને અનન્યા મુરલીધરન તેમના ટોચના ક્રમાંક મુજબ રમ્યા અને અંડર-૧૯ મિક્સ ડબલ્સમાં સાર્થક આર્ય અને સિન્ડ્રેલા દાસ સામે ફાઈનલ મુકાબલાની સ્થાપના કરી. સેમિફાઈનલમાં, અભિનંદન અને અનન્યાએ ઋત્વિક ગુપ્તા અને અહોના રોયને ૯-૧૧, ૧૪-૧૨, ૧૧-૭, ૧૧-૮થી હરાવ્યા જ્યારે સાર્થક અને સિન્ડ્રેલાએ સાહિલ રાવત અને હાર્દી પટેલના પ્રેરિત દોડનો અંત લાવ્યો. પરંતુ એક મેચ જેણે દર્શકોને તેમની બેઠકોની ધાર પર રાખ્યા હતા તે સવારના સત્રના અંતે આવી હતી. વિવાન અને નૈશાએ શરૂઆતની રમતમાં જ પોતાની લડાઈની ભાવના દર્શાવી હતી જ્યારે તેઓ ૫-૮થી પાછળ હતા, શરૂઆતની રમત પસંદ કરતા પહેલા એક ગેમ પોઈન્ટ બચાવ્યો હતો.

### મૃતકની ઇચ્છાનુસાર દીપાવલી વિશેષાંકનું કરાયું દાન

# વડોદરાના મૃતકની મરણોત્તર સરવણી વિધિમાં અપાયું પુસ્તકોનું દાન

(પ્રતિનિધિ) વડોદરા, તા.3
વડોદરા ખાતે રહેવા એક પરિવારે તેમના ઘરના મોભીની મરણોત્તર ધાર્મિક ક્રિયામાં પુસ્તકોનું દાન કરી અનોખો દાખલો બેસાડ્યો છે. વાંચનરસિયા એવા આ મોભીનું થોડા સમય પૂર્વે અવસાન થયું હતું. બાદમાં આજે ત્રયોદશાહ શ્રાદ્ધ, સરવણી (બારમુ-તેરમુ)ની વિધિ દરમિયાન આપવાના થતાં દાનમાં તેમણે પુસ્તકો પણ રાખ્યા હતા. અહીંના વાઘોડિયા રોડ ઉપર રહેતા ૭૫ વર્ષીય જનકભાઈ રતિલાલ વ્યાસ થોડા દિવસો પહેલા અકલકોટ ખાતે યાત્રા માટે ગયા હતા. જ્યાં મંદિરમાં જ તેમણે હૃદય રોગનો હુમલો આવ્યો હતો. આ હુમલો તેમના માટે ઘાતક સાબિત થયો હતો અને તેમનું અવસાન થયું હતું. જનકભાઈ વ્યાસ દેના બેંકમાંથી મેનેજર



પદેથી નિવૃત્ત થયા હતા. વાંચન તેમની પ્રિય પ્રવૃત્તિ હતી. ખાસ કરીને રાજ્ય સરકારના માહિતી ખાતાના દીપાવલી અંક તેઓ રસપૂર્વક વાંચી મહારાષ્ટ્રના પૂણા ખાતે રહેતા તેમના બહેનને વાંચવા માટે મોકલતા હતા. પણ આ વખતે તેઓ સંજોગોવસાત મોકલી શક્યા નહોતા. તેથી તેમના પરિવારજનોએ સરવણીની ધાર્મિક વિધિ દરમિયાન આપવાના થતાં વિવિધ પ્રકારના દાનમાં પુસ્તકો પણ દાનમાં આપવાનો નિર્ણય કર્યો હતો.

### અમરેલીના ભાજપના ઉપાધ્યક્ષના પુત્રનો રવિ ગુમ થવાના મામલો

# મને ફસાવવા માટે સ્યુસાઈડ નોટમાં મારુ નામ લખ્યું છે : દિક્ષિત પટેલ

**વ્યાજખોરોના** ત્રાસથી કંટાળી રવિ ગુમ થયો હોવા બાબતે દિક્ષિત પટેલનો આક્ષેપ

**16** જેટલા વ્યાજખોરોના ત્રાસથી રવિ પાનસુરીયા ગુમ થયો હોવાનો આરોપ લગાવાયો છે. પોલીસ તપાસમાંથી આગળની કડીઓ સામે આવે તેવી સંભાવના વર્તાય છે

(પ્રતિનિધિ) વડોદરા, તા.3
અમરેલીમાં ભાજપના ઉપાધ્યક્ષના પુત્ર ગુમ થવાનો મામલો દિન પ્રતિ દીન વધુ ગંભીર બની રહ્યો છે. ત્યારે વ્યાજખોરોની ઉઘરાણીના કારણ ગુમ થયાના જેની સામે આક્ષેપ છે એ દિક્ષિત પટેલના આક્ષેપ કરતા જણાવ્યું છે કે એફઆઈઆર નોંધાવાના ડરથી રવિ ગુમ થયો છે, મને ફસાવવા માટે ચિઠ્ઠીમાં મારું નામ લખાવ્યું છે. જેથી પોલીસ તપાસમાંથી આગળની કડીઓ સામે આવે તેવી સંભાવના વર્તાઈ રહી છે. વ્યાજખોરના ત્રાસના કારણે ઘણા લોકોએ કંટાળીને આપઘાત કે આપઘાતનો પ્રયાસ કરતા હોય છે કેટલાક ઘર છોડીને વ્યાજખોરનો ડરથી ભાગી જાય છે. ત્યારે તેવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

જેમાં અમરેલીમાં ભાજપના ઉપાધ્યક્ષ સુરેશ પાનસુરિયાના પુત્ર રવિ પાનસુરિયા 4 દિવસ પૂર્વ વ્યાજખોરના ત્રાસના કારણે 31 ડિસેમ્બરે સ્યુસાઈડ નોટ લખી ગુમ થયો છે. આ ગુમના કેસમાં જેની સામે આક્ષેપ થયા છે એ દિક્ષિત પટેલ શનિવારે વડોદરામાં પ્રેસ કોન્ફરન્સ યોજી રવિ અને તેના પિતા સુરેશ પાનસુરીયા સામે આક્ષેપો કર્યા છે. અમરેલી જિલ્લામાં ચર્ચામાં આવેલા રવિ પાનસુરીયા ગુમ થવાના મામલામાં દિક્ષિત પટેલે મીડિયા સમક્ષ મોટો ખુલાસો કર્યો છે. દિક્ષિત પટેલે આરોપ મૂક્યો છે કે રવિ પાનસુરીયાએ તેમને ફસાવવા માટે જાતે સુસાઈડ નોટમાં તેમનું નામનો ઉલ્લેખ કર્યો છે.

રવિ અને તેના પિતા સુરેશ પાનસુરીયા સહિતની ટોળકીએ તેમની સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી કરી છે. તેમણે વડોદરામાં સિદ્ધાર્થ પેરેડાઇઝ અને સિદ્ધેશ્વર પેરેડાઇઝ પ્રોજેક્ટમાં રૂ. 6.83 કરોડનું રોકાણ કર્યું હતું. આ મિલ્કતને સુરેશ અને રવિ પાનસુરીયાએ ખોટી સહીઓ કરીને વેચી દીધી હોવાનો પણ આક્ષેપ છે. દિક્ષિત પટેલે હરણી પોલીસ મથકમાં સુરેશ અને રવિ વિરુદ્ધ અરજી પણ કરી હતી. તેમણે ઉમેર્યું છે કે, રવિ પાસેથી તેમના રૂપિયા પરત મેળવવાના હતા પરંતુ તેઓ આપતા ન હતા. તેથી જ તેમને ફસાવવા માટે સ્યુસાઈડ નોટમાં તેમનું નામ લખાવ્યું છે. દિક્ષિત પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, તેમણે કોઈ વ્યાજ લીધું નથી અને વ્યાજ માટે કોઈ ધમકી પણ આપી નથી. અત્રે ઉલ્લેખનીય છે કે 31 ડિસેમ્બરે સ્યુસાઈડ નોટ લખીને રવિ ગુમ થયો હતો.

રવિએ ગોધરા નીટ કાંડના દિક્ષિત પટેલ સહિત 16 લોકો પાસેથી 11.25 કરોડ રૂપિયા વ્યાજે લીધા હતાં. 4.90 કરોડની મિલકત અને 3.38 કરોડ રૂપિયા આરટીજીએસથી તેણે ચૂકવ્યા હતાં. વ્યાજખોરોએ માત્ર 2.97 કરોડની સામે 15 કરોડની ઉઘરાણી કરી હતી. વ્યાજખોરો દ્વારા થતી પઠાણી ઉઘરાણીનો વીડિયો વાયરલ થયો હતો. 31 ડિસેમ્બરની રાત્રે રવિ ઘરેથી નીકળ્યો તે સીસીટીવીમાં કેદ થઈ ગયો હતો. ત્યારે પોલીસે પણ ગુમ થયેલા રવિ પાનસુરિયાની શોધખોળ હાથ ધરી છે. ગોધરા નીટ કાંડના દીક્ષિત પટેલ સહિતના 16 જેટલા વ્યાજખોરોના ત્રાસથી રવિ પાનસુરીયા ગુમ થયો હોવાનો આરોપ લગાવાયો છે. પોલીસ તપાસમાંથી આગળની કડીઓ સામે આવે તેવી સંભાવના વર્તાઈ રહી છે.

### "શીખ સે સુરક્ષા, ટેકનોલોજી સે પરિવર્તન" થીમ

# વડોદરા જિલ્લામાં રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ-2026ની ઊજવણી

**તા. ૧ થી તા. ૩૧ જાન્યુઆરી સુધી ઊજવણી કરવામાં આવશે**

(પ્રતિનિધિ) વડોદરા, તા.3
રાજ્યમાં માર્ગ અકસ્માતોથી થતી મૃત્યુ અને ઈજાઓમાં ઘટાડો લાવવા તથા જનસામાન્યમાં માર્ગ સલામતી અંગે જાગૃતિ વિકસાવવા માટે ભારત સરકારના માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયના માર્ગદર્શન હેઠળ તા. ૦૧ જાન્યુઆરી ૨૦૨૬ થી તા. ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ દરમ્યાન રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ-૨૦૨૬ની ઉજવણી કરવામાં આવશે. આ માસ દરમ્યાન વડોદરા જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને જિલ્લા માર્ગ સલામતી સમિતિ દ્વારા માર્ગ સલામતી સાથે સંકળાયેલા તમામ વિભાગો - પોલીસ વિભાગ, આર.ટી.ઓ., માર્ગ અને મકાન વિભાગ, આરોગ્ય વિભાગ, ૧૦૮ ઈમરજન્સી સેવા, શૈક્ષણિક સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ તથા ખાનગી ક્ષેત્રના સહયોગથી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

માર્ગ સલામતી માસ અંતર્ગત જિલ્લામાં જનજાગૃતિ માટે રેલી, વોકાથોન/મેરેથોન, શાળા તથા કોલેજ કક્ષાએ સેમિનાર, ચિત્ર, નિબંધ અને વક્તૃત્વ સ્પર્ધાઓ, સ્ટ્રીટ પ્લે તેમજ સોશિયલ મીડિયા અને સમૂહ માધ્યમો મારફતે વ્યાપક પ્રચાર-પ્રસાર હાથ ધરવામાં આવશે. હેલ્મેટ અને સીટબેલ્ટના ઉપયોગ, મોબાઈલ ફોનના દુરુપયોગથી બચાવ, ઓવર સ્પીડિંગ, રોંગ સાઈડ ડ્રાઈવિંગ તથા અયોગ્ય પાર્કિંગ સામે કડક અમલવારી કરવામાં આવશે.

જિલ્લામાં આવેલા બ્લેક સ્પોટ અને જોખમી માર્ગ સ્થળોએ રોડ માર્કિંગ, સાઈનેજ, ક્રેશ બેરિયર અને રાહદારીઓની સલામતી માટે જરૂરી એન્જિનિયરિંગ સુધારણા કરવામાં આવશે. ઉપરાંત આરોગ્ય વિભાગ તથા ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાના સહયોગથી પ્રાથમિક સારવાર અને સી. પી. આર. તાલીમ, મેડિકલ ચેકઅપ તેમજ રક્તદાન કેમ્પનું આયોજન પણ કરવામાં આવશે. વડોદરા જિલ્લામાં રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ-૨૦૨૬ની આ ઉજવણી માર્ગ પર જવાબદાર વર્તન વિકસાવવામાં અને અકસ્માતોની સંખ્યા ઘટાડવામાં મહત્વપૂર્ણ સાબિત થશે.

# વડોદરાના પશ્ચિમ ઝોનમાં ડ્રેનેજની સમસ્યાનો કાયમી ઉકેલ આવશે

**નટુભાઇ સર્કલથી ચકલી સર્કલ સુધી નવીન ગ્રેવીટી લાઇનનું કામ શરૂ કરાયું**

(પ્રતિનિધિ) વડોદરા, તા.3
વડોદરા શહેરના પશ્ચિમ ઝોન વિસ્તારમાં ડ્રેનેજની જર્જરિત લાઇન અને તેના કારણે સર્જાતી સમસ્યાઓના કાયમી નિરાકરણ માટે વડોદરા મહાનગરપાલિકા (VMC) દ્વારા મહત્વપૂર્ણ કામગીરી હાથ ધરવામાં આવી છે. નટુભાઈ સર્કલથી પશાભાઈ પાર્ક થઈ ચકલી સર્કલ સુધી નવીન ડ્રેનેજ ગ્રેવીટી લાઇન નાંખવાનું આયોજન કરવામાં આવ્યું છે, જેનું કામ તાત્કાલિક ધોરણે શરૂ કરી દેવાયું છે. જુની લાઇનના ભંગાણ અને ઓવરફ્લોની સમસ્યા અખબારી યાદીમાં જણાવ્યા મુજબ, નટુભાઈ સર્કલથી ચકલી સર્કલ સુધીની જૂની ડ્રેનેજ ગ્રેવીટી લાઈન જર્જરિત બની ગઈ હતી. ગત વર્ષે આ લાઈનમાં ૬ થી ૭ જેટલા મોટા ભંગાણ પડ્યા હતા. આ ઉપરાંત, પશાભાઈ પાર્ક સહિતના આસપાસના વિસ્તારોમાં ચોમાસા દરમિયાન વરસાદી પાણીના નિકાલ ન થવા, ડ્રેનેજ ચોકઅપ થવા અને મલીનજળ ઓવરફ્લો થવાના ગંભીર પ્રશ્નો સર્જાયા હતા. આ લાઈનમાં મુખ્યત્વે વોર્ડ નં. ૮ અને ૧૧ ના વિસ્તારોનું ડ્રેનેજનું પાણી વહન થાય છે. સ્વર્ણિમ જયતી યોજના હેઠળ નવું આયોજન. આ સમસ્યાના કાયમી નિવારણ માટે રાજ્ય સરકારની સ્વર્ણિમ જયતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ VMC ની ડ્રેનેજ પ્રોજેક્ટ શાખા દ્વારા નવીન ડ્રેનેજ ગ્રેવીટી લાઈન નાંખવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.પુશીંગ પદ્ધતિથી ૧૦૨૪ મીમી વ્યાસની એમ.એસ. કેસીંગ પાઈપ નાખી ૯૦૦ મીમી વ્યાસની કેરીયર પાઈપ નાંખવામાં આવશે. આ મુખ્ય ડ્રેનેજ લાઈન નાંખવાની કામગીરી આગામી ચોમાસા પહેલા પૂર્ણ કરવાનું આયોજન છે. જાહેર સલામતી જાળવવા તેમજ હેવી મશીનરી અને કામગીરી માટેના મટીરીયલ્સની જગ્યાના કારણે, મુખ્ય રસ્તાના એક ભાગ પર વાહનવ્યવહાર બંધ રહેશે.


**દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ**
DGVCL
CIN U40102GJ2003SGC042909
રજી. અને કોર્પોરેટ કચેરી: 'ઊર્જા સદન'
નાના વરાછા રોડ, કાપોદ્રા ચાર રસ્તા, સુરત - ૩૯૫૦૦૬
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

**ખેતી વિષયક ફિડરોના વીજ પુરવઠાના સમયમાં ફેરફાર અંગેની જાહેરખબર**

આથી અમારા માનવંતા વીજ ગ્રાહકોને જણાવવાનું કે ભરુચ અને બારડોલી વિભાગીય કચેરી હેઠળના અનુક્રમે આવતા ૬૬ કેવી પાલેજ,૬૬ કેવી બામણીયા અને ૬૬ કેવી ભીમપોર સબ-સ્ટેશન માંથી નીકળતા નીચે જણાવેલ ખેતીવાડી ફિડરોનો રોજનો ચાલુ અને બંધ થવાના સમયમાં તારીખ ૦૫.૦૧.૨૦૨૬ થી ખેતીવાડી ગ્રુપ સમયમાં નીચે મુજબ ફેરફાર કરવામાં આવેલ છે, જેની નોંધ લેવા વિનંતી છે.

| અ. નં. | જિલ્લાનું નામ | સબ-સ્ટેશનનું નામ | ખેતીવાડી ફિડરનું નામ | ખેતીવાડી હાલનું ગ્રુપ | હાલનો ગ્રુપ નો સમય | અમલમાં આવતા ગ્રુપનું નામ | અમલમાં આવતા ગ્રુપનો સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ભરુચ | ૬૬ કેવી પાલેજ સબ-સ્ટેશન | ૧૧ કેવી ઝંગાર એજી ફિડર | DB2 | ૧૩:૦૦ થી ૨૧:૦૦ કલાક | DBG2 | ૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક |
| ૨ | | | ૧૧ કેવી કિશનાદ એજી ફિડર | DB2 | ૧૩:૦૦ થી ૨૧:૦૦ કલાક | DBG2 | ૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક |
| ૩ | | | ૧૧ કેવી વલણ એજી ફિડર | DB2 | ૧૩:૦૦ થી ૨૧:૦૦ કલાક | DBG2 | ૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક |
| ૪ | | | ૧૧ કેવી ત્રાલસા એજી ફિડર | DB1 | ૦૫:૦૦ થી ૧૩:૦૦ કલાક | DBG2 | ૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક |
| ૫ | | | ૧૧ કેવી સારીંગ એજી ફિડર | DB1 | ૦૫:૦૦ થી ૧૩:૦૦ કલાક | DBG2 | ૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક |
| ૬ | | | ૧૧ કેવી કુરચન એજી ફિડર | DB1 | ૦૫:૦૦ થી ૧૩:૦૦ કલાક | DBG2 | ૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક |
| ૭ | સુરત | ૬૬ કેવી બામણીયા સબ-સ્ટેશન | ૧૧ કેવી બારતાડ એજી ફિડર | DS2 | ૧૩:૦૦ થી ૨૧:૦૦ કલાક | DSG2 | ૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક |
| ૮ | | | ૧૧ કેવી કઢૈયા એજી ફિડર | DS2 | ૧૩:૦૦ થી ૨૧:૦૦ કલાક | DSG2 | ૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક |
| ૯ | | | ૧૧ કેવી ઝેરવાવરા એજી ફિડર | DS1 | ૦૫:૦૦ થી ૧૩:૦૦ કલાક | DSG2 | ૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક |
| ૧૦ | | | ૧૧ કેવી કાંકરીયા એજી ફિડર | DS1 | ૦૫:૦૦ થી ૧૩:૦૦ કલાક | DSG2 | ૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક |
| ૧૧ | | | ૧૧ કેવી ભગવાનપુરા એજી ફિડર | DS1 | ૦૫:૦૦ થી ૧૩:૦૦ કલાક | DSG2 | ૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક |
| ૧૨ | | | ૧૧ કેવી નેવણિયા એજી ફિડર | DS2 | ૧૩:૦૦ થી ૨૧:૦૦ કલાક | DSG2 | ૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક |
| ૧૩ | | | ૧૧ કેવી પૂના એજી ફિડર | DS1 | ૦૫:૦૦ થી ૧૩:૦૦ કલાક | DSG2 | ૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક |
| ૧૪ | સુરત | ૬૬ કેવી ભીમપોર સબ-સ્ટેશન | ૧૧ કેવી ખાખર એજી ફિડર | DT2 | ૧૩:૦૦ થી ૨૧:૦૦ કલાક | DTG2 | ૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક |
| ૧૫ | | | ૧૧ કેવી બહેજ એજી ફિડર | DT1 | ૦૫:૦૦ થી ૧૩:૦૦ કલાક | DTG2 | ૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક |
| ૧૬ | | | ૧૧ કેવી હાથુકા એજી ફિડર | DT2 | ૧૩:૦૦ થી ૨૧:૦૦ કલાક | DTG2 | ૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક |
| ૧૭ | | | ૧૧ કેવી કુંભીયા એજી ફિડર | DT1 | ૦૫:૦૦ થી ૧૩:૦૦ કલાક | DTG2 | ૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક |

(શ્રી બી. કે. પટેલ), વિશેષ મુખ્ય ઇજનેર (સી. એન્ડ આર.),દ.ગુ.વી.કં.લિ, સુરત

એમ.સી.બી./ ઈ.એલ.સી.બી./ આર.સી.સી.બી લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો


# ભરૂચ SOG પોલીસે અંકલેશ્વરમાંથી બંદૂક સાથે સિક્યુરીટી ગાર્ડને ઝડપ્યો

(પ્રતિનિધિ) ભરૂચ, તા.3
ભરૂચ જિલ્લામાં પોલીસ અધિક્ષક અક્ષય રાજ દ્વારા ચલાવવામાં આવી રહેલી 'પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સી ચકાસણી' ઝુંબેશ અંતર્ગત SOG ભરૂચે એક મોટી સફળતા મેળવી છે.અંકલેશ્વરની યુનિયન બેંકમાં નિયમોનું ઉલ્લંઘન કરી હથિયાર રાખતા એક સુરક્ષા ગાર્ડને ઝડપી લેવામાં આવ્યો છે. ભરૂચ SOG શાખામાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ તનવીર મહમદફારૂકને એક ચોક્કસ બાતમી મળી હતી.તેમની બાતમી મુજબ, અંકલેશ્વર પીરામણ નાકા પાસે આવેલી યુનિયન બેંકમાં ગાર્ડ તરીકે નોકરી કરતો શશિનાથ તિવારી નાગાલેન્ડના પરવાના પર હથિયાર રાખે છે,પરંતુ તેણે તેની નોંધણી સ્થાનિક વહીવટી તંત્રમાં કરાવી નથી. આ બાતમી પર તુરંત એક્શન લેતા પોલીસે તપાસ હાથધરી હતી અને બાતમી સાચી સાબિત થઈ હતી. પોલીસે 12 બોરની સિંગલ બેરલ બંદૂક કિંમત રૂપિયા ૨૫ હજાર અને 12 નંગ જીવતા કારતૂસ ની કિંમત રૂપિયા ૧ હજાર મળી ૨૬ હજારનો મુદ્દામાલ જપ્ત કરી આરોપી વિરુદ્ધ અંકલેશ્વર શહેર 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં આર્મ્સ એક્ટની કલમ 20 અને 30 હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. તપાસમાં બહાર આવ્યું કે આરોપી શશિનાથ આદિત્યનારાયણ તિવારી (મૂળ બિહાર) પાસે નાગાલેન્ડના દિમાપુરનો હથિયાર પરવાનો છે. જોકે, નિયમ મુજબ બીજા રાજ્યનો પરવાનો ધરાવતા શખ્સે સ્થાનિક મેજિસ્ટ્રેટ કચેરી અને પોલીસ સ્ટેશનમાં જાણ કરવી ફરજિયાત હોય છે, જે આ ગાર્ડે કરી નહોતી.તે 03/11/2025 થી કોઈ પણ સત્તાવાર નોંધણી વગર હથિયાર સાથે નોકરી કરતો હોવાનું ખુલ્યું હતું.


**વડોદરા મહાનગરપાલિકા**
www.vmc.gov.in
**પેન્શનરો/ ફે.પેન્શનરોની હયાતીની ખાત્રી કરવા અંગે**

વડોદરા મહાનગરપાલિકાના પેન્શનરો/ફેમીલી પેન્શનરો (ગેસખાતા સહ)ને જણાવવામાં આવે છે કે દરેક પેન્શનરોએ દર વર્ષની જેમ તેઓને નિયમિત પેન્શન મળતુ રહે તે માટે પોતાની હયાતી અંગેની ખાત્રી કરાવવાની રહે છે તે માટે ગત વર્ષની જેમ આ વર્ષે જીવન પ્રમાણ એપ મારફતે **Digital Life Certificate (DLC)** થકી ઘર બેઠા હયાતી કરાવવા અંગેની સુવિધા શરૂ કરવામાં આવેલ છે.આથી દરેક પેન્શનર/ફે.પેન્શનરોએ પોતાની હયાતી અંગેની ખાત્રી **DLC** પદ્ધતિથી કરવા માટે નીચે મુજબની કાર્યવાહી એન્ડ્રોઈડ સ્માર્ટ ફોનમાં કરવાની રહેશે:

**૧.** પ્લે સ્ટોર પરથી **Aadhar FaceRD** અને **Jeevan Pramaan Application** ડાઉનલોડ કરી જરૂરી પરમીશન આપો.

**૨.** ત્યાર બાદ Pensioner Identification માટે **Aadhar** નો વિકલ્પ પસંદ કરી પોતાનો **આધાર નંબર, મોબાઈલ નંબર તેમજ ઈ-મેલ એડ્રેસ** Enter કરી Submit કર્યા બાદ આવેલ **OTP** દાખલ કર્યા બાદ પુન: Submit કરવાનુ રહેશે.

**૩.** ત્યાર બાદ પેન્શનરે આધાર મુજબ **પોતાનુ નામ**, Type of Pension માં **Service (**ફેમિલી પેન્શનના કિસ્સામાં **Family)** નો વિકલ્પ પસંદ કરવાનો રહેશે.

**૪.** Organization Type માં **Municipal Corporation/Local Bodies** તથા Sanction Authority, Disbursing Agency અને Agency માં **Vadodara Municipal Corporation** Select કરવાનુ રહેશે.

**૫.** ત્યારબાદ PPO Number માં **પેન્શન નંબર (દા.ત.C105055 / G300112 / E100125),** Account Numberમાં **Bank Of Baroda** નો **14 Digit** નો પેન્શન વિભાગમાં આપેલ આપનો બેંક એકાઉન્ટ નંબર દાખલ કરો.

**૬.** Re-Employed તેમજ Re-Marriage માં **Yes** કે **No** Select કરો ત્યાર બાદ Next બટન પર કલીક કરતા તમારા દ્વારા દાખલ કરેલ વિગતો મોબાઈલના સ્ક્રિન પર દેખાશે જો વિગતો ખરી હોયતો જરૂરી પરમિશનના ખાનામાં ટીક કરી **Submit** કરો ત્યાર બાદ **Confirm** કરી **Scan** બટન પર કિલક કરો.

**૭. Aadhar Auth.** કેમેરો ઓપન થશે. તેમાં તમારો ચહેરો કેમેરા સામે રાખી **Scan** કરો, તમારો ચહેરો સફળતા પુર્વક **Scan** થયા બાદ તમારા મોબાઈલ પર જીવન પ્રમાણ લાઈફ સર્ટીફીકેટ **(DLC)** દેખાશે તેનો સ્ક્રીન શોટ લઈ લેશો.

વડોદરા મહાનગર પાલિકા દ્વારા આપની હયાતી સફળતા પુર્વક થયેલ છે કે કેમ? તે અંગેનો **SMS** ૨૪ કલાક બાદ (કામકાજના દિવસો દરમ્યાન ઓફીસ સમયમાં)આપના મોબાઈલ નંબર પર આવશે. આ માટેનુ જરૂરી યુઝર મેન્યુઅલ વડોદરા મહાનગરપાલિકાની વેબ સાઈટ www.vmc.gov.in પર મુકવામાં આવેલ છે. **ફેમિલી પેન્શન મેળવતા પેન્શનરોએ પુન:લગ્ન નહિં કર્યા અંગે મ્યુનિસિપલ કાઉન્સિલરશ્રી અથવા સરકારી ગેઝેટેડ અધિકારીશ્રીનુ પ્રમાણપત્ર રજુ કરવા, વારસદાર પુત્ર-પુત્રી-માતા-પિતા તેમજ વિકલાંગોએ માસિક આવકનુ પ્રમાણપત્ર રજુ કરવા, પેન્શન નંબર, ઠરાવ સાથે હિસાબી શાખા, પેન્શન વિભાગ, ખંડેરાવ માર્કેટમાં તા.૦૫.૦૧.૨૦૨૬ થી ૦૪.૦૨.૨૦૨૬** સુધીમાં આપી જવાના રહેશે. પેન્શનરોએ જીવન પ્રમાણ એપ થકી હયાતીની ખાત્રી **તા.૦૫.૦૧.૨૦૨૬ થી ૦૪.૦૨.૨૦૨૬** સુધી કરી લેવાની રહેશે. આ અંગે જો કોઈ મુશ્કેલી હશે તો તેઓએ આધાર કાર્ડ,બેંક પાસબુક,મોબાઈલ સાથે પેન્શન વિભાગમાં **તા.૦૫.૦૧.૨૦૨૬** થી કામકાજના દિવસો દરમ્યાન ઓફીસ સમયમાં હિસાબી શાખા પેન્શન વિભાગનો સંર્પક કરેથી જીવન પ્રમાણ થી હયાતી કરાવવા અંગે યોગ્ય માર્ગદર્શન આપી હયાતી કરાવવામાં આવશે.

પેન્શનરો/ફેમીલી પેન્શનરો કે જેઓ પરદેશ વસવાટ કરતા હોય તેઓએ પણ ઉપરોક્ત મુજબ હયાતી કરાવવાની રહેશે અને ખાસ કિસ્સામાંજ ગેઝેટેડ ઓફિસર્સ/નોટરી સમક્ષ કરાવેલ હયાતીનુ અસલ પ્રમાણ પત્ર સ્વીકારવામાં આવશે. **તા.૦૫.૦૧.૨૦૨૬ થી ૦૪.૦૨.૨૦૨૬** દરમ્યાન હયાતીની ખાત્રી નહી કરાવનાર પેન્શનરો/ફેમીલી પેન્શનરોનુ પેન્શન ચુકવવા સંદર્ભે નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

**સહી.અરૂણ મહેશબાબુ એમ.એસ.(આઈ.એ.એસ)**
**મ્યુનિસિપલ કમિશનર**
**પી.આર.ઓ.નં.૧૦૧૧/૨૫-૨૬**